### એસઓજીએ કંપનીના માલિકોની શોધખોળ શરૂ કરી, એફએસએલની ટીમે સેમ્પલ લીધાં

# દહેજની ગુમાનદેવ કેમિકલ કંપનીમાંથી 17 લાખના મિક્ષ સોલ્વન્ટનો જથ્થો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ જીઆઇડીસીમાં આવેલી ગુમાનદેવ કેમિકલ કંપનીમાં ગેરકાયદે રીતે કેમિકલનો જથ્થાનો સંગ્રહ કરાયો હોવાની ચોક્કસ બાતમીના આધારે એસઓજી પીઆઇ એ. એ. ચૌધરીએ તેમની ટીમના એએસઆઇ ગોવિંદરાવ, હેકો શૈલેષ, ગજેન્દ્ર તેમજ કોન્સ્ટેબલ સુરેશ તથા તનવીર સાથે કંપનીમાં રેડ પાડી હતી. તેમણે તપાસ કરતાં કંપનીમાં આવેલાં પતરાના શેડ નીચે અલગ અગલ પ્રકાર કેમિકલ ભરેલાં 200 લીટરના 427 બેરલ મળી આવ્યાં હતાં. ટીમે ત્યાં કામ કરતાં કર્મચારીઓને તે અંગે પુછતાં તેઓ પાસે તે કેમિકલ ભરેલાં બેરલ અંગે કોઇ ખરીદ - વેચાણના દસ્તાવેજો મળી આવ્યાં ન હતાં. જેના પગલે ટીમે પ્રાથમિક તબક્કે કંપનીના સંચાલકો સામે સીઆરપીસી 102 હેઠળ દહેજ પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો. એસઓજીએ ઘટનાને પગલે તુરંત એફએસએલની ટીમને બોલાવતાં તેમણે મિક્ષ



સોલ્વન્ટના સેમ્પલ મેળવી તેમાં ક્યાં પ્રકારના કેમિકલ છે તેની વિગતો મેળવાની કવાયત હાથ ધરી છે. બીજી તરફ કેમિકલ ક્યાંથી લવાયું છે, ક્યાં મોકલવાનું હતું, તેનો ઉપયોગ શામાં કરવાનો હતો તે સહિતની વિગતો મેળવવાના પ્રયાસ હાથ ધર્યાં છે.

## એફએસએલ રિપોર્ટના આધારે તપાસ થશે

કંપનીના શેડમાંથી જપ્ત કરેલાં મિક્ષ સોલ્વન્ટ જથ્થાના એફએસએલની ટીમ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યાં છે. તેનો રિપોર્ટ આવ્યેથી તેમાં કયાં પ્રકારનું કેમિકલ છે તેની વિગતો મેળવ્યાં બાદ તેના આધારે સંચાલકો સામે કાર્યવાહી કરાશે. બીજી તરફ જીપીસીબીની ટીમને પણ મામલાથી વાકેફ કરી હોઇ તેઓ પણ અલાયદી કાર્યવાહી કરશે. - એ. એ. ચૌધરી, પીઆઇ, એસઓજી

**DATE: 27/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એક મહિલા સહિત 4 જણાની ધરપકડ, મુખ્ય સૂત્રધાર વોન્ટેડ

# ભરૂચના જંબુસર ચોકડી પાસે ભાડેથી ફ્લેટ રાખી ચલાવાતું કૂટણખાનું ઝડપાયું

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચ શહેરના જંબુસર બાયપાસ ચોકડી પાસે આવેલી સબર કોમ્પ્લેક્ષ ખાતે એક ફ્લેટમાં દેહવેપારનો કારસો ચાલી રહ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે બી ડિવિઝન પોલીસની ટીમને મળી હતી.

જેના પગલે બી ડિવિઝન પીઆઇ એચ. જે. સોલંકી તેમજ પીએસઆઇ ડી. એ. ઝાલાએ તેમના સ્ટાફ સાથે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે ફ્લેટમાં પ્રવેશતાં રૂપાલી કમલ શેખ નામની મહિલા મળી આવી હતી. જે અંક્લેશ્વરના મુન્ના શેખ નામના શખ્સ સાથે મળી કુટણખાનું ચલાવતી હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે ફ્લેટના બે રૂમમાં બે રૂપલલનાઓ સાથે કઢંગી હાલતમાં મોહમદ શહેબાઝ મોહમદ સલીમ મુલ્લા તેમજ મોહમદ સોહેલ અબ્દુલ સાદીક ગુલામ ગોષ નામના બે શખ્સો ઝડપાયાં હતાં. જ્યારે ફ્લેટના રસોડામાં અન્ય 3 રૂપલલનાઓ સાથે બેસેલાં અરૂલારાશન યોગલેનલ નામના શખ્સની પણ ટીમે ધરપકડ કરી હતી. ટીમની પુછપછરમાં માલુમ પડ્યું હતું કે, અંક્લેશ્વરના મુન્ના શેખ નામના શખ્સે એક મહિનાથી ફ્લેટ ભાડે રાખ્યો હતો. જેમાં તેઓ બહારથી છોકરીઓ બોલાવી કુટણખાનું ચલાવતાં હતાં. તેઓ ગ્રાહક પાસેથી 1500 રૂપિયા લેતાં હતાં. જે પૈકીના 500 રૂપિયા જે તે રૂપલલનાને આપતાં હતાં. જ્યારે બાકીના રૂપિયા તેઓ અંદરોઅંદર વેચી લેતાં હતાં. બનાવને પગલે પોલીસે ગુનો નોંધ્યો હતો.

**DATE: 27/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### મૂળ ઝાલોદના વખતપરાની મહિલા નેત્રંગ ચાર રસ્તા પાસેથી મળી હતી

# ચાર મહિનાથી વિખૂટા પડેલ બે બાળકો અને તેની માતાનો પરિવાર સાથે મેળાપ

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ



સર્કલ પોલીસ ઈન્સ્પેકટર બી.એમ.પાટીદારના માર્ગદર્શન હેઠળ ગુમ થયેલ વ્યક્તિઓની ડ્રાઈવ કરવામાં આવી હતી જેમાં નેત્રંગ જવાહર બજાર ઓમકાર હોટલ પાસેથી બે બાળકો સહિત બાળકોની જનની રાત્રી દરમ્યાન ઓમકાર હોટલની સામે આવેલ દુકાનના ઓટલા ઉપર બેસેલી હોવાથી રહેલ હતી આથી તેની પુછપરછ કરતાં માસુમ બાળકોની માતા સીતાબેન ઓડ હાલ રહે.ભરૂચ ઝાડેશ્વર નર્મદા ફળિયુ, પંચાયત ઓફિસની સામે મુળ રહે વખતપુરા તા.ઝાલોદ જી.દાહોદના હોવાનું જણાવ્યું હતું અને તેઓ પરિવારથી વિખુટા પડેલ છે અને તેમનો પરિવાર હાલમા ભરૂચ ઝાડેશ્વર ખાતે રહેતાં હોવાની હક્કિકત કહેતા તેઓના પરિવારને શોધી મેળાપ કરાવાયો હતો.

**DATE: 27/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## રખેવાળી માટે રાખેલો ચાકર ઝબ્બે

# અંકલેશ્વર હાઈવે નજીકની ઓરડીમાંથી દારૂ સાથે 1 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીને નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ અરોમા હોટલ પાછળ ના ખેતર ની ઓરડી માં મનીષ ઉર્ફે મલો વસાવાએ દારૂ સંતાડ્યો છે.તેવી માહિતી મળી હતી. પોલીસે સર્ચ કરતા ઓરડીમાંથી વિપુલ માત્રા માંદારૂ ની બોટલ જોવા મળી હતી પોલીસે સ્થળ તપાસ કરતા ઓરડી ની રખેવાળી માટે મુકેલ સારંગપુ નો રોહિત વસાવા મળી આવ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરતા સ્થળ પર બુટલેગર સવારે ગાડી માંથી દારૂનોજથ્થો જીગ્નેશ ઉર્ફે જીગો કિરીટ પરીખ અને દિવ્યેશ કાલરીયાની હાજરી માં મૂકી ગયો હતો. પોલીસે રોહિત વસાવાની ધરપકડ કરી હતી તેમજ ઓરડીમાંથી 364 બોટલ દારૂનીનાની મોટી બોટલ કી.રૂ. 90 હજાર નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. ફરાર થઇ ગયેલાં આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 28/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વર પોલીસ મથકમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ



અંકલેશ્વર : અંકલેશ્વર રૂરલ પોલીસ મથક ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત રૂરલ પોલીસ મથક ના પોલીસ ઈન્સ્પેક્ટર કે.જે.સીસોદીયા ની અધ્યક્ષતા હેઠળ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં રૂરલ પોલીસ મથકના પીએસઆઇ સહીત પોલીસ કર્મચારીઓએ પોલીસ મથક ખાતે સાફસફાઈ કરી હતી.

**DATE: 28/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબીએ 83 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# બાકરોલ બ્રિજ પાસેથી વાલ્વ સાથે 3 આરોપીની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી નજીક બાકરોલ ગામ બ્રિજ પાસે ની દુકાનમાંથી શંકાસ્પદ એસ.એસ.ના વાલ્વ સાથે 3 ઈસમોની ધરપકડ કરી હતી. બાકરોલ ગામ બ્રિજ પાસે એક દુકાનમાંથી ક્રાઈમ બ્રાન્ચ પોલીસે શંકાસ્પદ 280 કિલો ગ્રામ એસ.એસ.ના વાલ્વ સાથે 3 શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ ક્રાઈમ બ્રાંચે પાનોલી નજીક આવેલ બાકરોલ ગામ બ્રિજ પાસે એક દુકાનમાં દરોડા પાડયા હતા. ક્રાઈમ બ્રાંચના દરોડા દરમિયાન 280 કિલો ગ્રામ જેટલા એસ.એસ.ના વાલ્વ શંકાસ્પદ અવસ્થામાં મળી આવ્યો હતો. જે મામલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સારંગપુર અને બાકરોલના બાબુ અંસારી ,ગોકુલ લાલા શાહ અને રામ અવતાર સ્વામી ધરપકડ કરી તમામ પાસેથી કુલ રૂ. 83 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 28/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# અંકલેશ્વરમાં જુગાર રમતાં 5 ખેલી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગુજરાત હાઉસિંગ બોર્ડ માં આવેલ મકાન નં. 45 માં રહેતો શાહિદ શેખ પોતાના મકાનમાં બંધ બારણે કેટલાક ઈસમોને ભેગા કરી પત્તા પાનાં પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડે છે. જેના આધારે એ ડિવિઝન પોલીસે મકાન નંબર 45 માં દરોડો પાડતાં નાસભાગ મચી ગઇ હતી. સ્થળ પરથી 5 ખેલીઓને 31 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડયાં હતાં.